Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● 'પ્રબુદ્ધ જીવન' વર્ષ : ૬૦ ● અંક : ૭ ● જુલાઈ ૨૦૧૨ ● વિક્રમ સંવત ૨૦૬૮ ● વીર સંવત ૨૫૩૮ ● અષાઢ વદિ ● તિથિ-૧૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૨મા વર્ષમાં પ્રવેશ)

# પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ● ●   ● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## શાંતિનું સરનામું

(૧)

જીવનના દુઃખોને જોઈને, એ દુઃખોનો ઈલાજ શોધવા નિંદરમાં પોઢેલી પત્ની અને પુત્રીને મૂકીને ભગવાન બુદ્ધે મહાભિનિષ્ક્રમણ કર્યું. જગતના દુઃખો જોઈને અને સુખોને અનિત્ય જાણીને પરિવારની સંમતિ લઈને–અહિંસાનું આ સૂક્ષ્મ સ્તર–આ સુખદુઃખનું કારણ અને કર્મોને અને મોક્ષને જાણવા તીર્થંકર મહાવીરે મહાપ્રસ્થાન કરી, પ્રવજ્યાનો સ્વીકાર કર્યો. આ દ્વય મહાત્માએ વૈરાગ્ય ધારણ કરી કષ્ટો સાથે ભ્રમણ કર્યું અને જ્ઞાનની પ્રાપ્તિ કરી જગતને શાંતિનું સરનામું આપ્યું.

આ અંકના સૌજન્યદાતા

**સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ**

આ બેઉ તો સૂરજ જેવા પ્રકાશવંતા હતા, પણ આ મહાન આત્માઓની છાયામાં ઘણાં જ્ઞાન દીપકો પ્રગટ્યા, જેની નોંધ વંદન સહ ઇતિહાસે લીધી જ છે. પરંતુ આ દીપકોમાંથી નાની નાની જ્યોતો પણ પ્રગટી છે, એ તેજ-જ્યોતને શોધીને આપણે એની પાસે જઈએ તો આપણને અવશ્ય એક નિડર અને સત્ય માર્ગની પ્રાપ્તિ આ વર્તમાન કાળમાં પણ થાય જ. શાંતિનું સરનામું મળે.

આવી એક નાની જીવંત જ્યોતની વાત મારે આપની પાસે કરવી છે. વાતચીતની ભાષામાં 'શેર' કરવી છે.

સર્વ પ્રથમ તો આ 'પ્રબુદ્ધ જીવન'ને હું વંદન કરું છું કે જેની શબ્દ યાત્રાને કારણે આવી અનેક જ્યોતનો મને પરિચય થયો, અને મારા અનુભવનું આકાશ વિસ્તરતું રહ્યું.

આ મહાનુભાવને રૂબરૂ તો હું આ છેલ્લા સાત વરસમાં ત્રણેકવાર જ મળ્યો હોઈશ, એક વખત વિસ્તારથી અને બીજી બે વખત અલપઝલપ, પરંતુ પત્રનું આવન લગભગ નિયમિત. ક્યારેક ફોન ઉપર વાત થાય પણ એ માત્ર એક જ મિનિટ. શબ્દો અને સમયની ઉપયોગીતા માટે એઓ પૂરા સજાગ.

વ્યક્તિત્વમાં અંજાઈ જઈએ એવી દેહસૃષ્ટિ નહિ, શ્વેત-શ્યામની વચ્ચેનો ત્વચાનો રંગ, પણ એમના અંતરનો રંગ તો અંતરંગ, જરૂર પૂરતા સફેદ રંગના સાધુવેશ જેવા વસ્ત્રો. વાણી પણ મંદ અને પૂરા મિતભાષી, પરંતુ આ મિતભાષી વાર્તાલાપમાં વચ્ચે મૌનનું અલ્પવિરામ આવે ત્યારે હૃદય હૃદયથી ઘણી ચર્ચાઓ થઈ ગઈ હોય એવી અનુભૂતિ થાય.

એક વખત ફોનમાં એમને મેં વિનંતિ કરી. રોજદિની લખો. આપણું સદ્ભાગ્ય કે એમણે એ લખી અને ૪૫ ફુલસ્કેપ પાનાની ઝેરોક્સ મને મોકલી આપી. વાંચી અને એમનું ગૃહપ્રસ્થાન વાંચી દંગ થઈ ગયો. વિચાર આવ્યો, 'પ્ર.જી.'ના વાચકોને આ યાત્રા કરાવું. પરંતુ સંમતિ લેવી પડે, આ વિવેક કેમ ચૂકાય? મથામણ એ હતી કે એઓ ક્યાં વિહરે એ ખબર ન પડે, અને મૌનમાં હોય એટલે ફોનની ઘંટડી પાછી આવે. પરંતુ સદ્ભાગ્યે મારા હૃદયની ઝાલર એમના અંતર સુધી પહોંચી, મેં કહ્યું, 'આ રોજનીશી તમે મને મોકલી એટલે હવે મારી. હું 'પ્ર.જી.'ના વાચકો માટે ઉપયોગ કરું!' 'જેવી તમારી ઇચ્છા' એમ કહી સ્મિત વેરતો સ્વર સંભળાયો. કદાચ વિચાર તંદ્રામાં અભાનપણે સંમતિ અપાઈ ગઈ હશે. મેં બીજી વખત પૂછ્યું જ નહિ, વિચાર બદલાઈ જાય તો? અને મેં વાતને બીજે પાટે ચડાવી. વાચક મિત્રો મને ક્ષમા

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬

● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

કરે. મારો આશય શુભ અને શુદ્ધ હતો. એઓ ગાંધી ભક્ત, કહે 'હવે ગાંધી નક્કી આવશે.' ક્યાંનો સંદર્ભ ક્યાં પહોંચ્યો ! નક્કી એઓ ગાંધી ચિંતનમાં ત્યારે હશે.

હવે વધુ પ્રસ્તાવના કર્યા વગર, એ સાધકની રોજનીશીના કેટલાંક અંશો અહીં પ્રસ્તુત કરું છું :

(૨)

''મૌન પહેલાં પનવેલ ફાર્મમાં કેટલાક મિત્રો-પરિવારજનો ભેગા થયેલા. એક વિચાર એવો આવી ગયેલો, અથવા કહો કે એમ સમજાયેલ કે છેવટે તો ગુરુને પણ છોડવા પડે છે. આથી વક્તવ્યમાં કહેલું કે હું શ્રીમદ્‌નો શિષ્ય ખરો પણ ગુરુ તો હું જ મારો. પણ મૌન પછી ૧૯-૨-૯૬ના એમ લખાયું કે ભવોભવ મારે શ્રીમદ્‌ના શિષ્ય જ થવું છે. કોઈના પણ ગુરુ થવું નથી. આ લખાયું ત્યારે એટલા ઉત્કૃષ્ટ ભાવ નહોતા પણ તે પછી ચિંતનધારા સતત ચાલતી રહી. મૌનની વિશેષતા મારા માટે એ છે કે મૌન શરૂ થાય એટલે પરમતત્ત્વ સાથે અનુસંધાન શરૂ થવા માંડે. અંતરમન વૃત્તિ સતત રહે. એક સ્પષ્ટ ચિંતનધારા પણ વહેવાની શરૂ થાય. શુદ્ધ વિચારોનો એક સતત પ્રવાહ વહેતો રહે ચિત્તમાં......

લગભગ ૨૪-૨-૯૬ના નદીએ શૌચથી પાછા ફરતાં કૃપાળુદેવના સ્મરણ ચિંતનમાં ઉત્કૃષ્ટ ભાવ રહ્યો. એમના ઉપકારો આ પામર પર યાદ આવતા ગયા અને એ ઉપકારોનો ભાર એટલો બધો વધી ગયો કે રૂમથી દસેક ફૂટ દૂર જ રહેલો. કૃપાળુદેવના ચિત્રપટ પાસે જઈ વંદન કરવાનો ભાવ આવેલો પણ એ દસ ફૂટનું અંતર પણ કપાઈ ન શક્યું. એક ડગલું પણ ન ચાલી શકાય એવી સ્થિતિ થઈ ગઈ અને એમ જ ખેતરમાં ઢગલો થઈ લાંબો થઈ ગયો. ચોધાર આંસુએ પોકે પોકે રૂદન ચાલુ થયું. એ રુદન સાંભળનાર હતા પક્ષીઓ-ઝાડો અને હું પોતે. અન્ય કોઈ હતું નહિ. દસ પંદર મિનિટ એમ જ રુદન ચાલ્યું અને પછી ઊભો થયો. કૃપાળુદેવને વંદન કર્યા અને શરીર જાણે ફૂલની જેમ હળવું થઈ ગયું......

અહિં પનવેલ ફાર્મમાં ૨૮-૨-૯૬ના રાત્રે એક અવાજ આવ્યો. આ ફાર્મ છોડી દે. અવાજ એટલો સ્પષ્ટ ને તીવ્ર હતો કે ઘણી દલીલ કરી છતાં છેવટે ૧૨-૩૦ રાતે ફાર્મથી નીકળ્યો. ચંદ્રમાનું અજવાળું હતું. પનવેલ જંગલથી રોડ પર આવતા નોરમલી ૨૦-૨૫ કે ઓછી મિનિટ થતી. બેટરી હતી પણ આત્માએ કીધું કે આત્મપ્રકાશમાં જુઓ. આ જ્યોતિની જરૂર નથી. એથી એમ જ નીકળ્યો. પૈસા ત્યારે પણ પાસે રાખતો નહિ......

પનવેલ ફાર્મથી ઘાટકોપર-સર્વોદય તીર્થનું અંતર લગભગ ૫૦ કિ.મી. હતું. સતત ચાલતો રહ્યો. ક્યાંક રસ્તામાં પાણી પીધું હશે. મનમાં થતું કોઈ મોટરવાળો સામેથી બેસાડે તો બેસવું. આપણે લીફ્ટ માંગવી નહિ......

ચાલતો રહ્યો અને સાંજે ચારેક વાગ્યે સર્વોદય તીર્થ ઘાટકોપર પહોંચ્યો. પગમાં કે મનમાં કે શરીરને થાક બિલકુલ નહોતો. બસ એક ભાવ પ્રવાહ વહેતો હતો જે મને બળ પૂરું પાડી રહ્યો હતો. ગેટ પર જ કાંતિભાઈ શાહ મળ્યા. મને જોઈ આશ્ચર્ય પામ્યા. નાળિયેર પાણી મંગાવી પીવડાવ્યું.......

ભાવ પ્રવાહ તો એમ જ ચાલુ હતો. સ્વરૂપ અનુસંધાન એમ જ વનમાં, ઘરે, ટ્રેનમાં, પ્રવાસમાં કે કોઈપણ વ્યવહાર કરતા આત્મસમાધિ-સ્થિરતા અખંડ ચાલી રહી હતી......

'આત્મસ્થિરતા અને આત્મશુદ્ધિ પહેલા આ ત્રણ સંક્ષિપ્ત યોગ થયા. વાણી સંક્ષેપ એટલે મૌન-સ્થળ સંક્ષેપ એટલે પનવેલ-ક્રિયા સંક્ષેપ એટલે દસ ગુંઠા ખેતીનો પ્રયોગ. આત્મશુદ્ધિ પહેલા થયું......

માર્ચ-એપ્રિલ-મે-જૂન-૯૬ આમ ચારેક મહિના મૌનમાં જ ઘરે રહ્યો......

ચિંચણમાં આવવાનું જવાનું મૌનમાં જ શરૂ થયેલ અને ફરી ૧૯૮૮માં જ્યાં દરિયાકિનારે સમાધિ પાસેની રૂમમાં મૌન રહેલો ત્યાં ફરી બેસવાનું ગોઠવાયું......

માટલિયાજીએ વિગતવાર પત્રો લખ્યા હોય-પણ છેલ્લે લખે કે 'તમારે તો તમારા અંતરનિર્ણય મુજબ જ ચાલવું. આ તો હું સ્વભાવે શિક્ષક રહ્યો એટલે મારી સમજણ પ્રમાણે લખું છું.'......

૧૯૯૭નો છેલ્લો નિર્ણય આંખનાં મૌન લેવાનો હતો. મૈયાની રજા એમાં મળતી નહોતી. મિત્રો કહે-મકરંદ દવેને મળેલ, તે કહે-આંખનું મૌન એટલે ખુલ્લી આંખે છતાં કશું જ ન જોવું. જ્ઞાતાદ્રષ્ટા જ રહેવું. પણ મને જે અર્થ એ ટાઇમે સૂઝેલ એ સ્પષ્ટ હતો કે આંખે પટ્ટી જ જોઈએ. શાસ્ત્રનો, વિદ્વતાનો, તર્કનો સહારો મેં ક્યારેય લગભગ લીધો નથી. અવાજની સ્પષ્ટ સમજણ મને જ્યારે સમજાય તે મારે માટે અર્થ. આમ મેં જીવનમાં સ્વીકારેલ છે, એટલે આંખનું મૌન લેવાના નિર્ણયમાં ફેરફાર નહોતો થયો......

આ દરમ્યાન પુત્રી મોટી થઈ ગયેલ હતી. પત્ની કહે આ બધું મૂકો અને હવે આને અંગે વિચારો અને કંઈક કરો. પણ મેં કીધું કે આ અંગે ઈશ્વરે કરશે. હું કંઈ નહીં કરું. એ બધું એના ભાગ્યનું નક્કી કરીને આવ્યા છે તેમ થશે. એટલે મેં કાંઈ પ્રયત્ન કર્યો નહિ. નહિ એ માટે પ્રયાસ શરૂ કર્યો. હું તો મારી મસ્તીમાં જ હતો. સમય એમ જ જતો હતો. ઘરમાં આંખના મૌનનો વિરોધ હતો. પણ છેલ્લે ૧૯૯૯ સપ્ટે.-ઑક્ટો.માં એ પ્રયોગ શરૂ થયો. ઘરમાં જ પટ્ટી બાંધીને રહેતો......

દસેરા પહેલાં અવાજ આવ્યો હવે બેબીનું કામ શરૂ કરો. મૌન ખોલી બેબીને પૂછ્યું, તારે લગ્ન કરવા છે ? કુંવારું રહેવું છે ? તારો શું વિચાર છે ? હા-ના નો જવાબ આપો. એમણે કહ્યું, લગ્ન કરવા છે. શ્રીમદ્‌જી શતાવધાની રહ્યા, એમ હું એકાવધાની રહ્યો છું. તરત બાયોડેટા

બનાવ્યા. આખો દિવસ ફોનથી બધાને જણાવતો રહ્યો. ક્યાંય સારું ઠેકાણું હોય તો બતાવજો......

પાલઘરમાં એક છોકરો છે. એમણે નામ એડ્રેસ આપ્યું.....

છોકરો જોયો. માણસો જોયા. પોતાના બંગલા-મોટર, સુખી પરિવાર હતો. અમે કીધું તમે આવો છોકરી જોવા......

વેવાઈ કહે અમારે ક્યાં તમારે ત્યાં છોકરો રહેવા મોકલવો છે. છોકરીને અત્રે આવવાનું છે તો તમે બેબીને લઈને આવી જાવ તો સારું......

જયંતીભાઈ કહે, 'આ જામશે નહિ. ક્યાં તું અને ક્યાં આ લોકો ?'.....

અમે આ પહેલો જ છોકરો જોયેલો તેમ જ છોકરાએ પણ આ પહેલી જ છોકરી જોઈ. બંનેને ગમી ગયું. અને બીજી દિવસે ગોળધાણા ખવાણા. આમ કશી જ તકલીફ વિના માત્ર વીસ દિવસમાં આ પ્રશ્ન પૂરો થયો. પૂરું ખાનદાન કુટુંબ મળ્યું......

લગ્ન પણ અમે પાલઘર જઈને કરેલા. લગ્ન નિમિત્તે પચીસ હજાર આપેલા અને કહેલ કે આ લગ્ન આ ખર્ચમાં કરવાનું છે......

કોઈ અપેક્ષા કે માંગણી ન લગ્ન પહેલાં કે લગ્ન પછી ક્યારેય કરેલ છે. પ્રેમભાવ તો આપણે જઈએ તો પણ એવો જ આપે. આ પણ કૃપાળુની કૃપા જ સમજું છું. આપણી પાસે તો બચત કશી જ નહોતી. લગ્ન-સગાઈ નિમિત્તે લાખ રૂપિયાની મદદ બૅંગ્લોરવાળાએ કરેલ. પંદરેક હજારનો બોરીવલીવાળાએ એમની દુકાનમાંથી સામાન અપાવેલો. આમ કરિયાવર પણ ઠીકઠીક સંતોષ થાય એમ કરેલો અને પ્રસંગની ભવ્યતામાં જ હું તો દંગ રહેલો. બસ સતત કૃપાળુદેવને પ્રણામ કરતો રહેતો......

આ લગ્ન પછી આત્માનો સ્પષ્ટ આદેશ હતો કે હવે ઘર છોડો. પુત્રો લગભગ લાઈને લાગી ગયેલા. પણ કામક્રોધ હજી જીતાયેલા નહોતા. કંઈક મોહ પણ હતો. ફરી કુટુંબની જંજાળમાં પડ્યો. ફરી સર્વિસમાં લાગ્યો......

પગાર ૨૫૦૦ થી શરૂ થયેલ અને છેલ્લે ૨૦૦૫માં છોડ્યું ત્યારે પાંચ હજાર પગાર મળતો હતો......

પેલો છોડી દેવાનો અવાજ તો હતો જ......

છુટવાનો ભણકારો તીવ્ર હતો. ગડમથલ ચાલતી રહેલી. છોકરાવ લાઈને લાગી ગયેલા એટલે અગાઉના દેવા ચુકવી દેવાયેલા. કોઈ બોજ હતો નહિ......

આત્માએ કીધું કે ના છતાં તું હજી રહ્યો તો ભોગવ. પણ પછી આ બધાનું જે થવું હોય તે થાય. ૨૦૦૬માં નીકળી ગયો. એ ચાતુર્માસ ઈડર-ઘંટિયા પહાડ પર થયું. થોડા દિવસો ઉપર રહ્યો અને ત્રણેક મહિના નીચે ચંદ્રપ્રભુની ટેકરી નીચે છે તે ગુફામાં રહ્યો. રોજ એકવાર ભોજન માટે ઉપર જતો હતો......

અહિં સ્પષ્ટ નિર્ણય થયો કે સર્વસંગ પરિત્યાગ જોઈએ જ. નિર્ણય સ્પષ્ટ હતો. એવા કોઈ સાધુ મળે નહિ. સંપ્રદાયમાં જવાની રુચિ નહિ. કેમકે આત્મજ્ઞાની વગરના પાસે દીક્ષા કેમ લેવાય ? અને જે રીતે અમને ભેદજ્ઞાન થયું છે તેથી તરત જ્ઞાની-અજ્ઞાનીની ઓળખાણ પડી જતી. કરવું શું ? એક જનકવિજયજી મહારાજ હતા પણ તે પણ એ ચાતુર્માસમાં જ કાળધર્મ પામ્યા. જેને પૂછીએ-મળીએ એ સંતોષકારક જિનાગમ માર્ગ બતાવે જ નહિ. આ કાળે દીક્ષા શક્ય જ નથી એમ કહે. પણ આત્માને એ જવાબ માન્ય હતો નહિ......

પછી પાછો અમદાવાદ ઈડરના ટ્રસ્ટીને મળ્યો. અમારે દીક્ષા લેવી છે પણ શ્રીમદ્‌ના સંપ્રદાયમાં લેવી છે......

ઉકેલ ન આવ્યો. વાત એમ જ લટકી રહી. પણ એક નિર્ણય થયો કે હવે પછી સાધના કે ચાતુર્માસ કરીએ ત્યાં ભિક્ષાથી ચલાવી શકાય તો જ ત્યાં રહેવું. અન્યથા ઘરે રહેવું. ઈડરથી અમદાવાદ આવ્યો. ત્યાં ગોંડલ સંપ્રદાયના સ્થા. સાધ્વી સવિતાબાઈના સત્સંગમાં રોજ જતો. એમને અવારનવાર મળતા રહેવાનું થયું. એમણે કીધું પહેલીવાર તમે મળ્યા જે દીક્ષાની અને સાચી વાત કરો છો. એમણે લાકડાના પાતરા અને ઝોળી આપી. એ દરમ્યાન પૂ. યશોવિજયજીને પાટણમાં મળવા ગયેલ. મેં પુછ્યું: 'સમ્યગ્દર્શન પછી સાધકની દીક્ષા કેવી હોય અને ચર્યા કેવી હોવી જોઈએ.' એમણે જવાબ આપ્યો, 'સમકિત પછી સહજ દીક્ષા જેવું જીવન હોય. એ વ્યક્તિને નિયમનું બંધન ન હોય. નિયમો તો સમકિત મેળવવા માટે છે અને જરૂરી છે પણ સમકિત પછી સહજ નિયમની જરૂર નથી રહેતી. સાધકનું સહજ સ્વચ્છંદ રહિત જીવન બની જાય છે. સાધકની જાગૃતિ જ એટલી બધી રહે છે કે ભૂલ થાય તો પણ તરત જ દેખાય જાય છે.' આથી સમાધાન થયું. ૨૦૦૭ના એપ્રિલમાં ઘરેથી નીકળેલ. ચાતુર્માસ ક્યાં કરવું એ નક્કી નહોતું. પણ ભિક્ષાનો નિયમ જળવાય ત્યાં રહેવાનો વિચાર હતો. ૨૦૦૭માં ઇડરિયા ગઢમાં ગુફામાં રહ્યો. ખુલ્લી ગુફા, ચિત્તા-વાઘ ત્યાં હોય છે પણ એકાદ દિવસ ભય સહજ લાગેલ પણ બેવાર અલગ અલગ રીતે ગિરનારી ગુફામાં રહ્યો. એકવાર બધા અલગ અલગ ઘેર જમવાનું રાખેલ અને બીજી વખત જૈન ધર્મશાળામાં રાખેલ. ત્યાં અવાજ આવ્યો. અમદાવાદ ચાતુર્માસ કરવાનો......

પાછો ઈડર ગયો. ઘંટીયા પહાડ પર ચાતુર્માસ થઈ શકે તેમ હતું. પણ ત્યાં ભોજન રોજ એક જ રસોડેથી ગોચરી કરવાનું થાય એ મને માન્ય નહોતું. હું હસતો હતો કે ભગવાન જો તો ખરો તારા ભક્તને કોઈ રાખવા તૈયાર નથી. પણ મનમાં કોઈ ચિંતા કે વિકલ્પ નહોતા. એમાં એક દિવસ અમદાવાદમાં રેખાબેન, શ્રીમાટલિયાજીની પુત્રીને ત્યાં ગયેલો. એમણે કહ્યું, 'તમે રણાપુરનું ચાતુર્માસ કરોને ! ત્યાં સંતબાલજી એક વરસ મૌન રહેલા. મારા ધ્યાનમાં આ વાત હતી નહિ, પણ આ વાતને પકડી લીધી ને રણાપુર જઈ આવ્યો. જગ્યા જોઈ. સરસ નર્મદા નદી સામે જ દેખાતી રહે એમ નિસર્ગમય જગ્યા હતા. જગ્યા ભાંગી તૂટી રીપેર માગે તેમ હતી. પણ એમ જ એ જગ્યામાં ૨૦૦૭નું ચાતુર્માસ નર્મદા કિનારે થયું. ત્યાં ચાતુર્માસમાં નવ ઉપવાસ કરેલા ત્યારે બધા પરિવારજનોને તેની વાતો કરી. પત્ર લખેલ. શ્રીમદ્‌ને સર્વ સમર્પણ હવે થાય છે એમ કહ્યું. ચાતુર્માસ પછી એક મહિનો એક ભાઈના ખેતરની ઓરડીમાં માલસર-નર્મદા કિનારે રહ્યો. ત્યાં અવાજ આવ્યો નર્મદા પરિક્રમા કરો. એટલે તરત પરિક્રમા શરૂ કરી. ૨૮૦૦

માઈલની લગભગ આ યાત્રા વગર પૈસે-ચાલીને ભિક્ષાની ઝોળીના સહારે થઈ. અદ્‌ભુત રહી એ યાત્રા. અનેક પ્રકારના સાધુ સન્યાસીના વાત-વ્યવહાર રીતભાતના દર્શન થયા. જંગલો-પહાડો-આદિવાસી વિસ્તારોમાં લગભગ એકલા યાત્રા થઈ. ક્યારેક કોઈ સાથે હોય, ક્યારેક કોઈ ન હોય. પણ ક્યાંય ભય નહોતો. બપોર જે ગામે પહોંચીએ ત્યાં ભિક્ષા કરીને આહાર કરી લઈએ. સાંજે યાત્રામાં રાત્રિભોજન ન થાય એમ મોટે ભાગે થયું. એકવાર આદિવાસી વિસ્તારમાં શૂલપાણીની પહાડીમાં આદિવાસીએ લૂંટી લીધો. પણ બે-ચાર દિવસમાં આગલા મુકામે ઘટતી વસ્તુઓ મળી ગઈ......

મે ૨૦૦૮માં નર્મદા યાત્રા પૂરી થઈ. આમ પહેલી વાર સળંગ લગભગ ૧૩ મહિના ઘર બહાર રહ્યો. યાત્રા દરમ્યાન ફોનની સગવડ ક્યાંય મળે તો મહિને પંદર દિવસે ફોનથી ઘરે સંપર્ક કરી લેતો. લગભગ અકિંચન વ્રત અને ભિક્ષાથી આ યાત્રા થઈ......

૨૦૦૭ ચાતુર્માસમાં પરિવાર રણાપુર આવેલો. કહે તમારી ગેરહાજરીથી બંને પુત્રોના વેવિશાળના કામ અટકી જાય છે. બધું નક્કી થઈ ગયા જેવું થાય પણ છેવટે મારી ગેરહાજરીના કારણે જ આ કામ અટકતા. મને પણ મનમાં આ સંકલ્પ-વિકલ્પ રહ્યા કરતો. પરિવારે એમ પણ કીધું કે બંનેના લગ્ન થઈ જાય પછી દીકરીને જેમ વળાવીએ છીએ એમ તમને પણ તરત જ વળાવી દેશું. જ્યારે કુટુંબે આટલો બધો સહકાર આપ્યો છે તો હવે આ કામ મારા લીધે જ અટકતું હોય તો હવે એમાં સહયોગ આપવો જોઈએ. આમ વિચારી મે-૨૦૦૮માં ઘરે ગયો. મે-૨૦૦૮ થી જુન-૨૦૦૯ ઘરે રહ્યો. બંને પુત્રોના લગ્ન-વેવિશાળ એ દરમ્યાન થઈ ગયા. જુલાઈ-૨૦૦૯થી ઘર છોડ્યું છે. પરિવારને તો એમ હતું કે ચાતુર્માસ પુરતા જાય છે, પાછા આવી જશે પણ મને અંદાજ હતો કે હવે લગભગ પાછા જવું નથી અને એમ જ થયું. પરિવારને મોહ હોય એ સમજી શકાય પણ અમને પરિવાર પ્રત્યે પ્રેમ છે રાગ નથી. એ પણ અન્યની જેમજ વિશ્વ કુટુંબના સભ્યો છે......

પરમાત્મા અત્યાર સુધીના પરિવારના બધા જ પ્રસંગો સહજ રીતે પતાવવામાં કૃપાપાત્ર રહ્યા. ભૌતિક પ્રશ્નો પણ પતાવ્યા અને આધ્યાત્મિક પ્રશ્ન આત્મજ્ઞાનનો તે તો પહેલાં જ પતાવી દીધો હતો......

મૂળ તો આખી સાધનાની શરૂઆત જે ૧૯૮૪ના એક વરસના મૌનથી થઈ છે તે સમકિત પછી જ થઈ છે. સમ્યગ્દર્શન પહેલાં થયું અને સાધના કે શુદ્ધિ અર્થે કાર્યો પછીથી થયા......

મને કૃપાળુદેવનો પરિચય કેમ થયો ?......

૧૯૭૦ આસપાસ કલ્યાણ મુકામે એક સંબંધીને ત્યાં મરણ પ્રસંગે ગયેલો. વળતા મારા મામા ભગવાનદાસ લાખાણીએ વાત કરતા જણાવેલ કે ઘાટકોપરમાં શ્રીમદ્ મંદિરમાં સરસ સ્વાધ્યાય ભક્તિ થાય છે. એ પછીથી ઘાટકોપર એક બે વાર ગયો. શશિભાઈ ઝવેરી-મંજુલાબેનની ભક્તિ ગમી. એ સમયે પર્યુષણ પર ઘાટકોપરમાં વજુભાઈ ખોખાણી સતત લગભગ આઠ દસ વરસ પર સ્વાધ્યાય કરાવવા માટે મોરબીથી આવતા. મને એ સ્વાધ્યાય ભક્તિનો રંગ લાગ્યો. સ્થાનકવાસી મટી હું શ્રીમદ્‌મય બની ગયો......

કૃપાળુદેવના રંગે રંગાઈ ગયો પણ એમાં કોઈ ધર્મની ઊંડી સમજ હતી એવું નહોતું. એ ગમવા લાગ્યું. આમ ચાર-પાંચ વરસ સતત આ શ્રીમદ્‌ની ભક્તિ સ્વાધ્યાયનો લાભ મળ્યો. ધર્મપત્ની પણ કૃપાળુદેવના કારણે જ મળ્યા. ૧૯૭૦થી હું પર્યુષણ ઘાટકોપર જ કરતો. મારા બા કહેતા કે તું સ્થાનકવાસી મટીને શ્રીમદ્‌મય થઈ ગયો. ઉપાશ્રયે જવાનું લગભગ નહિવત્ થયું......

આ સ્વાધ્યાય ભક્તિથી પ્રત્યક્ષ સત્પુરુષ સદ્‌ગુરુ જોઈએ એમ મનના ખૂણે ક્યાંક આ ભાવ દૃઢ થઈ ગયો હશે. મારી એ માટે કોઈ શોધ કે ઈચ્છા-રૂચિ અકસ્માત પહેલાં નહોતી. નહોતી એવી કોઈ ઊંડી સમજણ કે સત્પુરુષ તો જોઈએ જ !......

હું સતત સત્પુરુષ સદ્‌ગુરુની શોધમાં દોડતો રહ્યો. નોકરી-ધંધા કુટુંબની જવાબદારી મારી એકલા પર હતી. એટલે બધું છોડી શકાય એમ નહોતું પણ જ્યાં પણ સત્સંગ સ્વાધ્યાય ભક્તિ હોય તેમાં ગમે તેમ કરીને પહોંચવું. એવા કોઈ વક્તાને મળવું. વાત કરવી. એ તીવ્ર ઝંખના હતી. એમ કહું કે તીવ્ર તલસાટ હતો સદ્‌ગુરુની પ્રાપ્તિ માટે. બાહ્યમાં કામ ક્રોધ કષાયો હતા પણ અંતરપરિણતિ વિચારો સતત આ માટે જ રહ્યા કરતા હતા. વક્તાઓને સાંભળીએ પણ ક્યાંય મન માને નહિ. અંદરનો અજંપો તીવ્ર હતો. એણે મને બેચેન કરી મૂક્યો હતો. જવું ક્યાં ? શું કરવું ? ક્યારેક છાને ખૂણે તો ક્યારેક ઘરમાં જ આંસુઓ આવી જતા. એકવાર સવારે ભક્તિ કરતાં પત્રાંક ૧૨૮ જે મુખપાઠે હતો તે કરતાં કરતાં ખૂબ રોવું આવ્યું. સવારે બેબી કહે, 'પપ્પા તમે આજે રડતા હતા ?' શું જવાબ આપું ?......

આવી જ દોડમાં એકવાર બંધુ ત્રિપુટીનો સ્વાધ્યાય સાંભળવા પાર્લા ગયેલો. વળતા એક અમારા વડીલ હરજીવન ટીંબડીયાને ઘરે ગયેલો. સરસ લાયબ્રેરી તેમની પાસે હતી. એમણે મને 'શ્રીમદ્ રાજચંદ્ર અધ્યાત્મ જ્ઞાન કોષ–લેખક લગભગ-નગીનદાસ ગીરધરલાલ કે ભીખાલાલ ગીરધરલાલ છે' તે આપ્યું. આ થયું હશે લગભગ ૧૯૮૪ની શરૂઆતમાં. એક દિવસ આ પુસ્તક બપોરે ઘરમાં વાંચી રહ્યો હતો. એમાં શ્રીમદ્‌નું એક વાક્ય વાંચ્યું, 'અસ્તિત્વ–આજ સુધી અસ્તિત્વ ભાસ્યું નથી. અસ્તિત્વ ભાસ થવાથી સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. અસ્તિત્વ એ સમ્યક્ત્વનું અંગ છે. અસ્તિત્વ જો એક વખત પણ ભાસે તો તે દૃષ્ટિની માફક નજરાય છે, અને નજરાયાથી આત્મા ત્યાંથી ખસી શકતો નથી. જો આગળ વધે તો પણ પગ પાછા પડે છે, અર્થાત્ પ્રકૃતિ જોર આપતી નથી. એક વખત સમ્યક્ત્વ આવ્યા પછી તે પડે તો પાછો ઠેકાણે આવે છે. એમ થવાનું મૂળ કારણ અસ્તિત્વ ભાસ્યું છે તે છે.'......

આજ સમયમાં ગાંધી-વિવેકાનંદના પુસ્તકોમાં રસ પડ્યો હતો. તે વાંચતો હતો. તેમાંથી એક વાક્ય વિવેકાનંદનું મળ્યું.......

'પાત્રતા પ્રગટ કરો-પરમાત્મા તમારે દ્વારે આવશે.' આ વાક્યે મારી સત્પુરુષની શોધની દોડ અત્યંત ધીમી કરી નાંખી. મને થયું આજ વાત બરાબર છે. આ આપણા હાથની વાત છે. આમ પણ પાત્રતા

વગર ક્યાં આપણે સદ્‌ગુરુને ઓળખી શકવાના હતા. પણ જ્યાં સુધી પ્રત્યક્ષ સદ્‌ગુરુ ન મળે ત્યાં સુધી શ્રીમદ્‌જીને સદ્‌ગુરુ પદે સ્થાપીને પાત્રતા પ્રગટ કરવાનો પુરુષાર્થ કરો. આમ અંતરમાં નિર્ણય થયો......

ચારે તરફથી ઉપાધિઓ આવી પડી. કંઈ સમજ ન પડે. એમાં મને અંદરથી સ્પષ્ટ અવાજ બે-ત્રણ વાર આવ્યો-'એક વરસ મૌન થઈ જા.'......

બે આંગળી V વી આકારમાં કરીએ કે દેહ-આત્મા જુદા છે. આત્માને ક્યાં કશું થાય છે એમ બોલીએ......

મૌન લેવું પણ કુટુંબની વ્યવસ્થા કંઈ થાય તો જ એ શક્ય હતું......

મનમાં એક ઝલક આવી કે આને મળ. એ હતા અમુભાઈ કોરડિયા. મહાવીર સ્ટોર્સ-મલાડવાળા. લગભગ પંદરેક-વરસ પહેલાં મેં તેમને ત્યાં સેલ્સમેન તરીકે નોકરી કરેલ. ખાસ કોઈ શ્રીમંત નથી. નોકરી પછી સંપર્ક લગભગ તૂટી ગયેલા જેવો. ક્યારેક નીકળ્યો હોઉં ને મળું એટલો જ, પણ વિચાર્યું ચાલને મળીએ. મેં વાત કરી ૨૬-૧૧થી મારે એક વર્ષ મૌન લેવું છે. ઘરની જવાબદારી છે. પૈસો ખિસ્સામાં એક પણ નથી. મહિને રૂા. ૧૨૦૦/- ઓછામાં ઓછા જોઈએ. જો તમે આ મદદ કરો તો મૌન ચાલુ થાય. અને એમણે કોઈ સલાહ સૂચન આપ્યા વગર વાત તુરત સ્વીકારી. અને ૨૬-૧૧-૮૪ થી ૨૫-૧૧-૮૫ એમ એક વરસનું મૌન ચાલુ થયું. આ પહેલાં જીવનમાં ક્યારેય એક કલાકના મૌનનો પ્રયોગ પણ મેં જીવનમાં કર્યો નથી.......

બધા વ્યવસાય-વહેવાર બંધ કર્યા. એ દરમ્યાન સત્શ્રુતમાં જે વીસ પુસ્તકોની નોંધ 'ઉપદેશ નોંધ' નં. ૧૫માં છે એમાંથી મળ્યા એટલાનો ગુજરાતીમાં સ્વાધ્યાય કર્યો. મને તો દ્રવ્ય કોને કહેવાય? પર્યાય કોને કહેવાય? એ પણ ત્યારે ખ્યાલ નહોતો. પણ સત્શ્રુત વાંચતો રહ્યો. એમાં 'સમયસાર' વાંચતા અંતર પરિણતિ કંઈક ફરી. ત્રણેક દિવસ કંઈક ભાવવાહી પ્રવાહ શરીરમાં વહેતો રહ્યો. અને આ સત્શ્રુતએ એક નિર્ણય સ્પષ્ટ થઈ ગયો કે જુનાગઢ હૉસ્પિટલમાં જે વેદના ગાયબ થવી એ જ આ અસ્તિત્વ. આ જ સમકિત છે. આ તો બહુ મોટી ઉપલબ્ધિ થઈ. થયું અદ્‌ભુત વસ્તુ મળી ગઈ. થયું મૌન પછી આપણે લોકોને માર્ગદર્શન આપશું. પણ ત્યાં જ થોડા દિવસ પછી એક શબ્દ સ્વપ્નમાં મળ્યો. 'ઊભો રહે. હજી વાળમાંથી થોડો તડકો ખરવા દે.' આમ તો આનો અર્થ કશો ન થાય. પણ મેં એવો અર્થ તારવ્યો કે હજી વાર છે. કશું કરવાનું નથી. એમ જ સહજ જીવન જીવવાનું છે. આ મૌનમાં શ્રીમદ્ સિવાય-ગાંધીજી-વિવેકાનંદજી તેમજ અન્ય સત્શ્રુત સ્વાધ્યાયનો ઘણો લાભ લીધો. આ મૌનમાં એક નિર્ણય સ્પષ્ટ થઈ ગયો કે આ જ સમ્યગ્દર્શન છે. પંદર ભવથી હવે વધારે નથી જ થવાના. મોક્ષ-મુક્તિ તો નિશ્ચિત છે જ! અંગત મુક્તિનો પ્રશ્ન મટી ગયો. એ પછી આજસુધી ક્યારેય હું એ માટે ચિંતિત થયો નથી કે મારું શું થશે? જે થશે તે સારું જ હવે થશે......

આ એક વરસના મૌનમાં ભાગ્યે જ ક્યારેક મૌન ભંગ થયો હશે. મૌન પૂરું થવાના છેલ્લે દિવસે કાંદિવલી હિતવર્ધક હૉલ રાખી ભક્તિ કરાવી. મારા દોષોની કબૂલાત કરી અને કેટલુંક વ્યક્તવ્ય આપ્યું અને વેશ પરિવર્તન કર્યું. જૈન સાધુ જેવો ચોલટો-દુપટો અને નીચે ગંજી પહેરવાનું રાખેલ. પછી તો આ વેશમાં જ હું લગ્ન-સગાઈ કે ગમે ત્યાં જતો. બધા મારી મજાક મસ્તી પણ ક્યારેક કરતાં રહેતાં. પણ આપણે તો આપણી મસ્તીમાં જ રહેલા......

લગભર ત્યારપછી ૬-૮ મહિના પછી ઘર છોડીને હું જાઉં છું એમ કહીને ઘરેથી નીકળ્યો. ક્યાં જાઉં છું, શું કરીશ એ મને ખબર નહોતી. પણ ઘરે કીધું હું અહિંથી ઈડર જાઉં છું. ત્યાં ગયા પછી જેમ સૂઝશે એમ કરીશ......

ઈડર ચારેક દિવસ ઘંટીયા પહાડ પર શ્રીમદ્‌ના મંદિરમાં રહ્યો. પણ હું લગભગ દિવસનો મોટો ભાગ એ પહાડો પર જ આંટા મારતો રહ્યો. એમાં સ્પષ્ટ અવાજ આવ્યો. 'ઘરે પાછા જાવ અને જગતની ગંદકી સાફ કરો.' જ્યારે પણ આવા અવાજ આવે છે ત્યારે મને જે મારો આત્મા કહે એ મારા માટે અર્થ. શાસ્ત્ર એ બાબત શું કહે છે કે મિત્રો કે વિદ્વાનો એ વિષે શું કહે છે એ મારે મન ગૌણ રહેતું. મને આનો અર્થ સ્પષ્ટ એવો લાગ્યો કે ઝાડુ લઈને સફાઈ કરો. ગંદકી દૂર કરો.' હવે મૂંઝવણ થઈ. ઘર છોડીને નીકળ્યો ને તરત પાછો કેમ જવાય? તરત અહમ્ આડે આવ્યો. એટલે વળતા ત્રણેક મહિના શ્રીમદ્ આશ્રમ

---

### ઑગસ્ટ-સપ્ટેમ્બરનો સંયુક્ત અંક

## જૈન આગમ પર્યુષણ અંક

'પ્રબુદ્ધ જીવન'નો ઑગસ્ટ-સપ્ટેમ્બરનો સંયુક્ત અંક સપ્ટેમ્બરમાં પર્યુષણ પર્વના દિવસે ઉપરોક્ત શીર્ષકથી પ્રકાશિત થશે. આ જ્ઞાન સમૃદ્ધ વિશિષ્ટ અંકનું સંપાદન આગમ પ્રચારક વિદ્વાન શ્રાવક **શ્રી ગુણવંત બરવાળિયા** કરશે.

આ અંકમાં જૈનોના ૪૫ આગમોનો પરિચય એના તત્ત્વદર્શન સાથે પૂ. મુનિ ભગવંતો અને વિદ્વાનોના વિવિધ સંશોધનાત્મક લેખો દ્વારા કરાવાશે.

આગમ ઉપર લખાયેલ આ તત્ત્વથાળ જૈન-જૈનેતર જિજ્ઞાસુઓને જૈન આગમ તત્ત્વનું સરળ ભાષામાં દર્શન કરાવશે.

**પ્રભાવના** અથવા ભેટ આપવા માટે વધુ નકલોની આવશ્યકતા હોય એ શ્રુત ભક્તોને સંસ્થાના કાર્યાલય ઉપર ફોન કરી-૦૨૨-૨૩૮૨૦૨૯૬ ઑર્ડર લખાવવા વિનંતિ. એક નકલની કિંમત રૂા. ૪૦/-.

એકસોથી વધુ નકલ લેનારને અંકમાં જુદા પાના ઉપર પ્રભાવના કરનારનું નામ છાપી અપાશે.

**આ જ્ઞાન સમૃદ્ધ અંકના સૌજન્યદાતા આવકાર્ય છે. શ્રુત પ્રચાર અને શ્રુત સેવાનું કાર્ય એ જ્ઞાન તપ છે, કોઈ પણ તપ પુણ્યની લબ્ધિ આપે જ છે.**

☐ **તંત્રી**

-કોબામાં રહ્યો. એ દરમ્યાન ત્યાંની લાયબ્રેરીનું કામ વ્યવસ્થિત કર્યું. નવા રજીસ્ટર-નવા નંબર-પુંઠા ચડાવવા વિ. કામ મને સહજ ત્યાં કરવા મળ્યું......

પણ અવાજ તો હતો સફાઈ કરવાનો અને ઘર જવાનો. તેથી પાછો ઘેર ગયો......

અવાજ આવ્યો આ મૂકી દે મૌન થઈ જા......

આમ આ અંતર અવાજ મારી સાધનાનો પાયો રહ્યો છે. એક ટોચ પર પહોંચું, એનું વળગણ થાય ત્યાં જ મને અવાજ આવ્યો હોય એમ ઘણીવાર બન્યું છે......

સ્વાધ્યાય ભક્તિ મારા સરસ થતા. મુમુક્ષુને ગમતા પણ ખરાં. મેં પણ અત્યંત ભાવથી ભક્તિ કરી છે અને કરાવી છે. રાગ પણ સારો એટલે વધારે ગમે સહુને. પણ વળી છેવટે અવાજ આવ્યો, 'આ બંધ કર. આ તો ફાંસીનો માંચડો છે. હેઠો ઉતરી જા.' અને એ બંધ થયા......

આ સર્વમાં મને સહુથી વધારે સાથ મળ્યો હોય તો એ મારા ધર્મપત્નીનો. એમણે આજીવિકા કે અન્ય કોઈ ફરિયાદ ક્યારેય નથી કરી. મારું વર્તન ન ગમતું હોય એ સ્વાભાવિક છે પણ એ અર્થે અબોલા લીધા હોય, ક્રોધ કર્યો હોય એવું ક્યારેય નથી કર્યું. હું જ્યાં હોઉં ત્યાં પરિવારને ખબર હોય છે જ પણ ક્યારેય ઘરની ગમે તેવી મુશ્કેલીઓ હોય. પત્ર દ્વારા મને જણાવી નથી. જવાનો છું એમ કહું તો જવા દે રોકે નહિ. કોઈ દલીલ નહિ સલાહ નહિ. ઉલટા પૂરતા પૈસા આપીને રજા આપે. પાછો આવ્યો હોઉં તો પણ એ જ પ્રેમથી ઉમળકાથી આવકાર્યો હોય. વેશ કે કામ ગમે તે હોય એ સ્ત્રીએ મુખ પર ક્યારેય અણગમો નથી દર્શાવ્યો......

એકવાર હું ચિંચણ મૌનથી પાછો આવેલ ત્યારે એક પ્રસંગ મને કહ્યો. છોકરાની સ્કૂલ ફી ભરવાની હતી. ઘરમાં એક પૈસો ન હતો. એ જ દિવસે સાંજે બોરીવલીવાળા વસંતભાઈ અને સ્મિતાબેન ઘરે આવ્યા. આ પહેલાં હું અંગત રીતે વસંતભાઈને મળેલ નહોતો. મને અંગત પરિચય પણ નહોતો. મેં તો એમને જોયેલા પણ નહોતા. પણ અમારા મુમુક્ષુ મંડળના રમાબેન કે અરવિંદભાઈએ મારા વિષે વાત કરેલ હશે એમ મારું અનુમાન છે. કેમકે એ બંને આ પરિવારને ત્યાં સત્સંગ અર્થે જતા આવતા હતા. ઘરે આવીને પત્નીને મળ્યા. બેઠા, વાતો કરી અને ગયા. કીધા વગર એક કવર મૂકીને ગયા. પત્નીને થયું ભૂલી ગયા લાગે છે. તે તુરત પાછા આપવા ગયા, પણ એ કહે ના ભૂલી નથી ગયા, તમે એ રાખો. અને એ દિવસે ઈશ્વરે લાજ રાખી દીધી. વસંતભાઈએ તો ત્યાં સુધી કહેલ કે રમેશભાઈને સાધના કરવા દેજો. તમારા નામે સારી એવી રકમ મૂકી દઈએ જેના વ્યાજમાંથી તમારું ચાલે. વારે ઘડીએ તમારે મારી કે અન્યની અપેક્ષા ન રહે. અમારા પત્નીએ એ સ્વીકારેલ નહિ. પછી તો મોટા પુત્રને સર્વિસમાં રાખીને સહાયરૂપ બન્યા......

આમ લગભગ અતથી ઇતિ આજસુધી સાધનામાં કોઈ ને કોઈ રીતે અદૃશ્ય રીતે સહાય મળતી રહી છે. સાધનામાં જરૂરી દરેક સહાય યથાયોગ્ય સમયે મળી જ રહેલ છે......

સાધનામાં શરીર પણ હંમેશાં પૂર્ણ સહયોગી રહ્યું છે. પણ આ બધા પ્રસંગોથી કુટુંબમાં પણ શ્રદ્ધા આવી છે કે ભલે એમણે કુટુંબ પ્રત્યે ધ્યાન નથી દીધું, કોઈ આર્થિક ગોઠવણ નથી કરી પણ તે છતાં આપણાં બધા પ્રસંગો સરસ રીતે ઉકેલાતા રહ્યા છે. ક્યાંય તકલીફ પડી નથી. આથી હવે પરિવારનો પ્રેમપૂર્ણ સહયોગ છે. સહમતિ છે......

સાધનામાં પણ શ્રેષ્ઠ સ્થળો મળ્યા. ચારેક વખત ચિંચણ દરિયાકિનારે અત્યંત પ્રકૃતિ સભર વાતાવરણમાં, ઈડર-નર્મદા કિનારો-નર્મદા પરિક્રમા-પનવેલ જંગલમાં, ૨૦૦૯નું ચાતુર્માસ મુંબઈથી ૫૦ કિ.મી. દૂર દહીંસર ગામમાં ગીરધરભાઈના ફાર્મ પર થયું. ચારે બાજુ પર્વતમાળાની વચ્ચે આ ફાર્મ છે. યથાયોગ્ય સમયે માટલિયા જેવા શ્રેષ્ઠ માર્ગદર્શક મેળવી આપ્યા. એવું જ શ્રેષ્ઠ પુસ્તક 'ઉઘડતા દ્વાર અંતરના' મેળવી આપ્યું. આમ વિવિધ રીતે કૃપાળુદેવની કૃપાના ધોધ વહ્યા છે. ખબર ન પડે એમ પણ સતત આજુબાજુ–ઉપર નીચે કવચની જેમ રક્ષણ મારું કરતાં રહ્યાં છે......

જે પણ જીવનમાં થયું છે કે થવાનું છે એ બધું એમની કૃપાને જ આભારી છે એમાં લવલેશ શંકા નથી......

આજે જ્યારે પરમ નિરાંતમાં છું ત્યારે આ સમજાય છે......

સાધક સાધના કરતાં કરતાં આગળ વધે-શુદ્ધિ થતી જાય પછી ક્યારેક ભેદજ્ઞાન, ગ્રંથિભેદનો અવસર આવવાનો હોય તો આવે......

હજી પણ શુદ્ધિ પ્રક્રિયા જ ચાલી રહી છે. મોહ જીતાયો છે પણ કામ ક્રોધ પૂર્ણ જીતાયા છે એમ કહીએ તો એ જાત સાથે છેતરપિંડી ગણાશે. હા, સત્પુરુષનું શરણ છે એટલે કામ ક્રોધ વખતે તાદાત્મ્ય નથી થતું. પણ એ દોષો થોડે અંશે છે તો ખરા જ. ક્રોધનો ઉપાય મૌન છે અને કામનો ઉપાય સદ્‌ગુરુનું શરણ છે. આ શરણ છે એટલે ભૂલ તરત જ દેખાય જાય છે અને એ ફરી ન થાય એની જાગૃતિ ક્વચિત રહે છે, પણ તે છતાં અંશે દોષો હજી છે જ.......

શ્રીમદ્‌જી શતાવધાની રહ્યા. ત્યારે હું લગભગ એકાવધાની રહ્યો છું. પ્રાયઃ જીવનમાં બે ઘોડે ચડવાનો પ્રયાસ બહુ ઓછો થયો છે. બીજું મારી પાસે શાસ્ત્ર જ્ઞાન નથી. કોઈ રિદ્ધિસિદ્ધિ નથી, લબ્ધિ નથી. છતાં આત્મ અનુભવ છે એ સો ટકા સાચું છે. મારા કરતાં જૈન શાળાનો બાળક જૈન પરીક્ષામાં વધારે માર્ક લાવી શકે એટલી બધી હદે શાસ્ત્ર જ્ઞાનમાં હું કાચો છું પણ આ ઉણપ છુપાવવાનું કારણ મૌન નથી......

અમારા જીવનના ઉદ્દેશનું લક્ષ છે વિશ્વશાંતિ. મોક્ષ તો અમારો નિશ્ચિત છે જ. કેટલા ભવે એ જ્ઞાની જાણે. પંદરથી વધારે તો નથી જ એટલી ખાત્રી છે. આ સત્ય, અહિંસા, વિશ્વશાંતિનો પ્રયોગ થાય, સફળ થાય તો–જો કે એ સફળ થવાનો જ છે અમને એમાં શંકા નથી જ. કૃપાળુ દેવ આવતી અનેક સદીઓ સુધી જનમાનસમાં પૂજ્ય બની રહેશે. એક વ્યક્તિ દેહત્યાગ પછી પણ અદૃશ્ય રીતે બધો જ દોર પોતાના હાથમાં લઈને સંપૂર્ણ અહિંસક ક્રાંતિને સફળ બનાવી શકે છે એનું સ્પષ્ટ વિશ્વને દર્શન થશે. એ રીતે વીતરાગ ધર્મ પણ જગતમાં છવાઈ જશે......

ભલે અમારી પાસે શાસ્ત્રજ્ઞાન નથી પણ જે લક્ષ્ય વિશ્વશાંતિ છે એ માટેના જરૂરી સાધનો, ઉપાયો કૃપાળુદેવની કૃપાથી અમારી પાસે છે. અને એમાંનું એક સાધન મૌન પણ છે......

એકવીસમી સદીની આ અદ્ભુત આશ્ચર્યકારી ઘટના હશે/છે......

એક પામર, પાત્રતા વગરના, તુચ્છ માણસને સદ્ગુરુ-સત્પુરૂષના શરણથી પરમ સુધી પહોંચાડનારી યાત્રાની આ અદ્ભુત આશ્ચર્યકારી ઘટના છે. અથથી ઇતિ સુધી ક્યાંય ને ક્યાંયથી ન ધારેલી સહાયો કુદરત પૂરી પાડતી રહી. કેટલા બધા વિકટ સંજોગોમાં યાત્રા શરૂ થઈ અને સાવ નિર્વિઘ્ને યાત્રા પૂરી થવામાં નિસર્ગ કહો, કુદરત કહો, સદ્ગુરુ કહો–બધું એક જ છે, સહાયરૂપ થયા. પરમની સહાય વગર માનવી પામર જ છે. પરમની સહાયથી જ માનવી પામરમાંથી પરમ સુધી પહોંચી શકે છે. જીવનમાં ૯૯% માનવીનો પુરુષાર્થ જરૂરી છે અને ૧% ઈશકૃપા-ગુરુકૃપા એમાં મળે ત્યારે કામ થાય છે. આ ૧% વગર ૯૯% પુરુષાર્થ પણ ઘણાં સાધકોના નિષ્ફળ ગયા છે. આ ૧% ઇશકૃપા જ મુખ્ય વાત છે. એ હોય તો બધું સવળું છે. ગ્રંથિભેદ-ભેદજ્ઞાન-આત્મજ્ઞાન-સાક્ષાત્કાર-ઈશ્વરદર્શન બધા અલગ શબ્દો છે. અર્થ એક જ છે. આ થવા માટે ગુરુકૃપા જ એકમાત્ર કારણ છે. એની કોઈ વિધિ નથી. એની કોઈ રીત નથી. એનો કોઈ નિશ્ચિત સમય નથી પણ એ ઘટના ઘટે છે ત્યારે પળ માત્રમાં અનંતકાળના કર્મોના ભાંગીને ભુક્કા થઈ જાય છે. બળીને ખાખ થઈ જાય છે. વ્યક્તિ પામરથી પરમ બની જાય છે. સદ્ગુરુ-સત્પુરુષ એ ઈશ્વરનું રૂપ છે કે કહો ઈશ્વર જ છે તો પણ ખોટું નથી......

'શ્રીમદ્ રાજચંદ્ર સત્શ્રુતનો સ્વાધ્યાય ૮ થી ૧૦ વાર થયો છે પણ એમાંથી કેટલાંક વાક્યો જ આ સાધનામાં મુખ્ય છે. મુખ્ય વાક્યો છે......

૧. 'તારા' દોષે તને બંધન છે એ સંતની પહેલી શિક્ષા છે.'
૨. હું કહું છું એમ કાંઈ કરશો ? મારું કહેલું સઘળું માન્ય રાખશો ? મારા કહેલા ધાકડે ધાકડ પણ અંગીકૃત કરશો ? હા, હોય તો જ હે સત્પુરુષ ! તું મારી ઈચ્છા કરજે.
૩. યોગાનુયોગે બનેલું કૃત્ય બહુ સિદ્ધિને આપે છે.
૪. આપણે જેનાથી પટંતર પામ્યા તેને સર્વસ્વ અર્પણ કરતા અટકશો નહીં......

ટૂંકમાં પત્રાંક ૩૦૧ મુજબ જીવન રળ્યું તે આમ છે-'જગત આત્મરૂપ માનવામાં આવે, જે થાય તે યોગ્ય જ માનવામાં આવે, પરના દોષ જોવામાં ન આવે, પોતાના ગુણનું ઉત્કૃષ્ટપણું સહન કરવામાં આવે તો જ આ સંસારમાં રહેવું યોગ્ય છે. બીજી રીતે નહીં.'......

કૃપાળુદેવ પત્રાંક ૩૯૭ માં લખે છે, 'એક અક્ષર બોલતાં અતિશય-અતિશય એવી પ્રેરણાએ પણ વાણી મૌનપણાને પ્રાપ્ત થશે, અને તે મૌનપણું પ્રાપ્ત થયા પહેલાં જીવને એક અક્ષર સત્ય બોલાય એમ બનવું અશક્ય છે; આ વાત કોઈ પણ પ્રકારે ત્રણે કાળને વિષે સંદેહપાત્ર નથી.' આ શબ્દો આગમ જ છે. જિનાગમ જ છે. રાગ, દ્વેષ અને અજ્ઞાન એ ત્રણે કારણથી રહિતપણે એ શબ્દો લેખપણું પામ્યા છે. માટે સેવનીય છે.' સત્સંગના નામે પણ વાણીનો વેડફાટ હમણાં ન કરવો એમ આત્મ આદેશ છે......

શ્રીમદ્જીના નીચેના વાક્યોમાં સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું સંપૂર્ણ રહસ્ય છે.

૧. સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.
૨. 'સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ', હે આર્યજનો ! આ પરમવાક્યનો આત્મપણે તમે અનુભવ કરો......

૧. અણુબોંબ પશુબળનું અંતિમ સ્વરૂપ છે અને તેથી અનિવાર્ય રીતે તે તેના પ્રતિબળને, એટલે કે આત્મબળને મેદાનમાં લાવશે......

અહિંસા રેડિયમની પેઠે કાર્ય કરે છે. એ સ્વયંક્રિય છે, તે સ્વતંત્રપણે કાર્ય કરે છે. દેશ અને કાળની મર્યાદાઓથી તે પર છે. એટલે આવી અહિંસા જો એક સ્થાને સફળ રીતે પ્રતિષ્ઠિત થાય તો તેની સુવાસ અને અસર સર્વત્ર ફેલાશે......

૨. એક જ વ્યક્તિ જો તે લગભગ સંપૂર્ણપણે અહિંસક હોય તો દાવાનળ ઓલવવા સમર્થ થાય......

સત્ય અને અહિંસાનો જ્યાં સંગમ થાય છે ત્યાં આખી દુનિયાને વશ કરી શકાય છે......

'ખરેખર, એક જ પૂરો સત્યાગ્રહી અધર્મ સામે ધર્મની લડાઈમાં જય મેળવવા બસ છે. શરત એટલી કે તેણે સત્ય સ્વરૂપ ઈશ્વરને સંપૂર્ણપણે સમર્પિત બની જવું જોઈએ......

'જ્યારે જ્ઞાની પુરુષ એકલો હોય અને સાચી રીતે વિચારતો હોય ત્યારે હજાર માઈલને અંતરે તેનો અવાજ સાંભળી શકાય છે......

માણસ ખરેખર જ્યારે સ્થિતપ્રજ્ઞ બને છે ત્યારે તેના વિચારો સુદ્ધાં શક્તિશાળી બને છે. આથી એ વિચારો આપોઆપ કામ કરે છે અને પરિસ્થિતિને પલટી નાંખે છે......

'પાત્રતા પ્રગટ કરો-પરમાત્મા તમારા દ્વારે આવશે.'......

'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.'......

તા ૨૭-૧૦-૯૭, ડાયરી પાના નં. ૬૬. તા. ૨૮-૧૦-૯૭, પાના નં. ૬૮.......

આજે સવારે મોરારી બાપુ સમાધિ પર આવ્યા. સાધના શબ્દનો અર્થ કહ્યો-'આ જગતમાં ત્રણ કક્ષાના જીવ છે. વિષયી, સાધક અને સિદ્ધ. એક ચોથી કક્ષા પણ છે અને એ બહુ અઘરી છે. સિદ્ધ થવું સહેલું છે. ચોથી કક્ષા છે એ શુદ્ધ સ્વરૂપની. શુદ્ધ થવું બહુ અઘરૂં છે. સાધના એટલે સા=સાવધાનતા–ધ=ધર્મના–ના=નામ, નાદ, ભગવાનનું નામ. ભગવાનનું નામ લઈને ધર્મમાં સાવધાનતા રાખો. આપણે જે પણ ઈષ્ટદેવને માનતા હોઈએ, મહાવીર, બુદ્ધ, રામ, કૃષ્ણ, હરિ. આ સર્વેના ચૈતન્ય નાદને ઓળખીએ અને શુદ્ધ સ્વરૂપને પામીએ.'......

સંતબાલજીની આ ચૈતન્ય ભૂમિ છે તેના ચરણમાં મારા 'શ્રદ્ધાંજલિ પુષ્પ અર્પણ કરું છું.' ......

દરેક વ્યક્તિનો આ જગતમાં એક રોલ હોય છે. એ મુજબ શોધ કરવી અને શ્રેષ્ઠ રીતે એ પાત્ર ભજવવું એ સાધના કે શુદ્ધિ પ્રક્રિયા. આ

અહિંસક ક્રાંતિમાં જે સ્પષ્ટ ચિત્ર આવ્યું છે તેમાં અમારો રોલ તો છે સંપૂર્ણ મૌન રહેવાનો. અને મૌનમાં તર્ક કે વિદ્વતા કે ચમત્કારોની ક્યાં જરૂર છે? શ્રીમદ્જીએ પોતે આ સિદ્ધિઓ અવરોધરૂપ જાણી છેવટે છોડી દીધી હતી. છતાં મનના ખૂણે ક્યાંક ચમત્કાર-સિદ્ધિઓ હોત તો સારું થાત એવું હતું. પણ પરમાત્માની કૃપા થઈ કે એ અવરોધોથી દૂર રાખ્યો......

આ અહિંસક ક્રાંતિનું મુખ્ય બળ તો છે 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.' આ ક્રાંતિનું સમગ્ર સંચાલન તો આ યોગબળ મુજબ થવાનું છે. આપણો રોલ તો દૂધમાં મેળવણું જેટલો પણ નથી. આ મૌનમાં એ સમાધાન મળ્યું કે 'રમેશ'નો રોલ 'માત્ર સ્થિર થઈને બેસવાનું છે અને સંપૂર્ણ મૌન રાખવાનું છે.'......

મૌન સર્વશ્રેષ્ઠ ભાષણ અને સેવા હોય. પણ તે સ્વાભાવિક હોવું જોઈએ. એ માર્ગ વિકટ છે. કરોડોમાં એકને સારું હોય. આપણે આ કરોડોમાંના એક થઈ જઈએ એટલે આપણો રોલ પૂરો થયો. આ સમાધાન થવાથી હવે સ્પષ્ટ લખતા કે 'અમને આત્મજ્ઞાન થયેલ છે.' એમ લખતા જરાપણ સંકોચ નથી. એ આત્મશ્લાઘા પણ નથી. જે છે તે છે. હા, એને તર્કથી સમજાવી શકું એવી પ્રતિભા નથી. પણ એ કામ મૌન અને ચારિત્ર દ્વારા સહજ જણાઈ આવશે.......

અમને આત્મ સાક્ષાત્કાર છે, અમારું સર્વ સમર્પણ શ્રીમદ્ રાજચંદ્રજીના ચરણે છે. આ ક્રાંતિના મુખ્ય પ્રેરક-પ્રેરણા સ્રોત એ છે. પણ બીજી વિશેષતા એ છે કે ગાંધીજી અમારી રગરગમાં સમાયેલ છે. અમારા હૃદય ઉપર પૂર્ણ શાસન ગાંધીજી અને શ્રીમદ્જીનું છે. અમને પૂર્વજન્મનું જ્ઞાન નથી. એટલે નિશ્ચિંતતાથી કહી શકાતું નથી કે 'હું સ્વયં ગાંધી છું.' ગાંધીજીએ લખેલ છે, 'હું પયગંબર હોવાનો દાવો નથી કરતો પણ જો મને એમ લાગે તો હું કહેતા અચકાઉં એવો નથી.' આ દૃષ્ટિએ કોઈ પણ આત્મજ્ઞાની એમ કહે 'હં ગાંધી છું' તો એ ખોટું નથી, છેવટે તો સત્ય અહિંસાનો પ્રયોગ, વિશ્વ વાત્સલ્ય, સત્યધર્મનો ઉદ્ધાર એવી અનેક ભાવનાઓ તો આત્મજ્ઞાનીમાં હોવાની જ. સર્વાત્મમાં સમદૃષ્ટિ એ તો મુખ્ય ગુણ છે. એ વગર તો સાક્ષાત્કાર શક્ય જ નથી......

સહજ જૈન સાધુ જેવું જીવન જીવી રહ્યા છીએ. વિધિવત્ દીક્ષા લીધી નથી અને લેવાની ઈચ્છા પણ નથી. આમ પણ આત્મ સાક્ષાત્કાર પછી માનવી સંપ્રદાયના પિંજરામાં રહી શકે જ નહીં. સાચો સન્યાસ અને સંપ્રદાયનો મેળ ખાઈ શકતો નથી. દીક્ષા-સન્યાસ એ પાત્રતા મેળવવાનું પરમ સાધન જરૂર છે. પણ પાત્ર થયા પછી તો સ્વયંના માર્ગે જ નીકળી પડવું પડે......

આનંદઘનજીના શબ્દોથી આને વિરામ આપીએ.......

'યોગી એટલે સ્થળ, કાળ અને પરમાણું ઉપરનું પ્રભુત્વ. તે માત્ર સંકલ્પ કરે અને દુનિયાનો પ્રવાહ ધાર્યો વળાંક લે.'......

નિસર્ગનો એ મહાનિયમ છેઃ ઊંડાણ લાવો-વિસ્તાર આવી જશે......

સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો......''

(૩)

હવે કપાળ ઉપર ચાંદલા જોવા મારા ઉપર આવેલા એઓશ્રીના ત્રણ પત્રોમાંથી કેટલાંક વાક્યોનું આચમન કરીએ.

તા. ૨૭-૧-૧૨

''આદરણીય શ્રી ધનવંતભાઈ,

આ સાથે રજનીશજીના એક વ્યાખ્યાનનું ઝેરોક્ષ બીડેલ છે. અમારા જીવનમાં અક્ષરસહ આમ જ ઘટના ઘટેલ છે. અને પરિણામ પણ એ જે બોલ્યા છે એવું જ આવેલ. 'માસ્ટર કી-કુંજી'. કુંચી મળી અને ધીમે ધીમે બધા તાળા ખૂલતા ગયા.

પ્રથમ મૌન આવેલ એક વરસનું – પછી પ્રેરણા થયેલ કે ગંદકી સાફ કરો–અને એમ જ નવેક મહિના લગભગ કાંદિવલી-મલાડ સડકો સાફ કરેલ. રજનીશ બોલ્યા-૧૯૭૭માં પણ અક્ષરસહ ૧૯૮૭માં લગભગ આ પ્રયોગ થયેલ. એ અમારો સુવર્ણકાળ હતો. એકલાની મસ્તી હતી. લોકો ઓળખવા માંડ્યા–સહકાર પણ મળવા માંડ્યો ત્યાં અવાજ આવ્યો આ છોડો–અને એ સહજ છૂટી ગયેલ. આજે તો બધું છૂટી ગયું છે સહજ. અસ્તિત્વ જે કરાવે તે થશે. આપણો રોલ હવે પૂરો થાય છે. અમારી સાધના અત્યાર સુધી ચાલી અને ચાલે છે એ અંતર પ્રેરણા પ્રમાણે ચાલી છે. ધીમી રહી ચાલ પણ સાચી દિશામાં રહી એટલું તો ચોક્કસ. શ્રીમદ્જીની અમારી પર અપાર કૃપા રહી છે.

જ્ઞાનસત્રો તો ચાલ્યા જ કરે છે, ચાલવા જોઈએ પણ એનો પ્રયોગ ના હોય તો પછી એની ફળશ્રુતિ શું? સાચા સાધકોને શોધવા એ પણ જ્ઞાનસત્રનો એક ભાગ ન ગણાય? વિચારશો?

હવે ફરી મૌન ચાલુ થશે એટલે હવે તો માત્ર પત્ર કે SMS પૂરતો જ ઉપયોગ ફોનનો રહેશે.

રજનીશજી કહે છે, જ્ઞાન થયા પછી શાસ્ત્ર વાંચવાના છે. શાસ્ત્રો તો ગવાહી-સાક્ષી છે. આપણા અનુભવનો તાળો મેળવવા માટે ખાસ તો શાસ્ત્રો છે. આ એનો મુખ્ય ઉદ્દેશ અને ઉપયોગ છે. રજનીશજીની વાણી પ્રેરણાદાયક છે જરૂર, પણ બધું જ સ્વીકારવા યોગ્ય અનુભવે નથી જણાતું. પણ એમનો એક રોલ હતો અને ભજવી ગયા. આપણે તો તેમાંથી પણ જે સાચું સારું છે તે સ્વીકારીએ.

આપનો તંત્રીલેખ-ગાંધી બાપુનો સરસ છે. આ પ્રયોગનો ઉદ્દેશ હોય તો એ છે કે ગાંધીનું કાર્ય જ્યાંથી અટકેલ છે ત્યાંથી ફરી શરૂ થાય. ઉપાય એ જ છે. એ સહજ થઈ શકે તેમ છે.

x x x

આદરણીય શ્રી ધનવંતભાઈ,

હવે અમદાવાદમાં સ્થિરવાસ છે.

તા. ૩૦–૧–૧૨થી ગાંધી પુણ્યતિથિથી મૌન શરૂ કરવા વિચારેલ છે.

કશું કરવાની કે બોલવાની પણ ઇચ્છા જ રહી નથી. અસ્તિત્વ જે કરશે કે કરાવશે તેમ થશે. આપણે કોઈ યોજના-સંસ્થા-કાર્યક્રમ-આશ્રમ-કશું જ કરવું નથી. ઈશ્વરની મરજી મુજબ થાઓ.

અનુભવને શબ્દમાં સમજાવવો કેમ? અને જેને અનુભવ નથી તેને ગમે તેટલા શબ્દોમાં મૂકો તો પણ સમજી શકે નહિ. કશું જ ન

કરવાનો નિર્ણય તો ૧૯૯૭ના મૌનમાં થયેલ. પણ અમલ હવે થવા જઈ રહ્યો છે. એક નિર્ણયને અમલમાં મૂકવા પણ યાત્રા ચૌદ વરસ જેટલો સમય લાગ્યો. અનંતકાળમાં જે ન મળે તે માટે આમ તો આ ટૂંકો સમય જ ગણાય ને ! દિશા સાચી હતી, છે અને રહે એ જ પુરુષાર્થ બની રહો.

શ્રીમદ્જી-ગાંધીજી-સંતબાલજી ત્રણેના વિચારોમાં સમન્વય અને સામંજસ્ય છે. શબ્દોમાં ભલે ફેર હોય. ત્રણેને નજરે નિહાળ્યા નથી પણ ત્રણેનો અમારી પર ઉપકાર છે. આ ઋણ મુક્ત થવાનો અવસર મળે તો ગમે. પણ સંતોના ઋણમાંથી મુક્ત થવું એટલું સહેલું નથી.

બહાર ઘોંઘાટ સતત હોય છે પણ અંદર શાંતિ સમાધિ છે એટલે એ કંઈ અવરોધ નથી. સરસ મજાની જગ્યા મળી છે જ્યાં સંતબાલજી, રવિશંકર મહારાજ, માટલિયાજી, લગભગ વિમલાજી પણ અત્રે ક્યારેક રહેલા છે. શ્રીમદ્જી પણ. આમ સરસ સહજ જગ્યા મળી છે એ પણ ગુરૂકૃપા છે.

x x x

આદરણીય શ્રી ધનવંતભાઈ,

સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.

'પ્રબુદ્ધ જીવન' નિયમિત મળે છે. ભૂ.પૂ. તંત્રીઓએ જે `Goodwill' વારસામાં આપેલ છે એને સમૃદ્ધ કરી રહ્યા છો એ બદલ ધન્યવાદ.

'નિયતિ' એ શાસ્ત્ર હોઈ શકે, સિદ્ધાંત પણ બની શકે કદાચ, પણ એ ખરેખર તો અનેક નયમાંનો એક નય છે. વીતરાગ દર્શનનો પાયો-મુખ્ય ભાર પુરુષાર્થ પર છે. એ પુરુષાર્થ જે માટે-જે લક્ષે થયો હોય છતાં ધાર્યું પરિણામ ન આવે ત્યારે નિયતિ આપણને સાંત્વના આપી શકે. સાધકે આ દૃષ્ટિએ નિયતિને સમજવાની જરૂર છે.

શ્રીમદ્જીએ આત્મ સિદ્ધિમાં કહ્યું છેઃ

'જો ઈચ્છો પરમાર્થ તો કરો સત્ય પુરુષાર્થ,
ભવ સ્થિતિ આદિ નામ લઈ છેદો નહિ આત્માર્થ.'

આપણે પુરુષાર્થ તો કરીએ છીએ પણ સત્ય પુરુષાર્થ નથી કરતા. જીવનો જ્યારે સત્પુરુષાર્થ શરૂ થાય છે ત્યારે જરૂરી બધી જ સામગ્રી એને મેળવી આપવી એ કુદરતનો નિયમ છે. બધા જ દર્શનોએ પ્રાયઃ પુરુષાર્થ પર ભાર આપ્યો છે. જૈન દર્શને તો ખાસ. જીવ પોતાના ભાગ્યનો ભાગ્ય વિધાતા-'સર્વ જીવ છે સિદ્ધ સમ' બની શકે છે પુરુષાર્થથી. આ તર્કનો નહિ, પ્રયોગનો વિષય છે પ્રયોગ કરીએ-

છેલ્લા કેટલાક વરસોથી આ નિંદામણ કાઢવાનો પુરુષાર્થ ચાલી રહ્યો છે. આ દેહ છે ત્યાં સુધી એ ચાલુ જ રાખવો પડશે એમ પણ સમજાય છે. હજી સાવ નિંદામણ નિષ્ફળ થયું છે એમ નથી. સાવ નિર્મૂળ થવાની સંભાવના પણ નથી. એટલે જાગૃતિ રાખવી રહી. પણ હવે આ બીજના અંકુર ફૂટ્યા છે, હજી પ્રાથમિક અવસ્થામાં છે. એને વાડની–પ્રોટેક્શનની ખરી જરૂર હવે છે એમ દેખાય છે. મૌનરૂપી વાડની વ્યવસ્થા થાય તો અને તો જ આ બીજ ફાલશે, ફૂલશે અને ફળશે અને સ્વ અને પર સહુને અમૃતફળનો લાભ મળશે.

આ અણુબોંબ સામે આત્મબળનો પ્રયોગ શરૂ થયો છે. અહીં શ્રદ્ધા, સમર્પણ સાથે ધીરજ અત્યંત જરૂરી છે.

આ સાથે ગાંધીજીના ત્રણ લેખો છે. 'ઈશ્વર કચકચાવીને કામ લે છે' એ શબ્દો તો ગાંધીજીના છે પણ અમારા હૃદયની જ વાત છે આ. એ સિવાય શ્રીમદ્જી વિષે એ બોલેલા છે તેનું લખાણ છે. ગાંધીજીનો શ્રીમદ્જી પ્રત્યે ભક્તિભાવ છેવટ સુધી અકબંધ રહ્યો છે. ભલે કાર્યો ને શબ્દોની ભીડભાડમાં એ ન દેખાય પણ અલપઝલપ એના દર્શન ક્યાંક ને ક્યાંક વક્તવ્ય કે લેખોમાં આવતા જ રહ્યા છે.''

(૪)

તો, આ છે શાંતિનું સરનામું. છોડો અને પામો, પરંતુ બધાં માટે એ શક્ય નથી, તો પણ આવું જીવન અન્ય સંદર્ભમાં માર્ગદર્શક અવશ્ય બને. આપણી ભૌતિક અને કીર્તિની દોડ અટકે તો ય ઘણું ઘણું.

વાચક મિત્રો આ ઘટનાના નાયકના વર્તમાન સ્થાનક વિશે જાણવા ઉત્સુક હશો, એ હું સમજી શકું છું અને મારો સંપર્ક ઈ-મેઈલથી કરશો અથવા (૦૨૨) ૨૩૮૨૦૨૯૬ ઉપર કાર્યાલયમાં ફોન કરી મારો મોબાઈલ નંબર મેળવી મારો સંપર્ક કરશો તો વિગત આપવા હું વચનબદ્ધ છું.

સર્વે પ્રબુદ્ધ વાચકોને જીવનની પ્રત્યેક પળે આવા શાંતિના સરનામા મળતા રહે એવી શુભેચ્છા.

❑ ધનવંત શાહ
drdtshah@hotmail.com

## મુળ અમેરીકન અને કેનેડીયન ૨૦ વિદ્યાર્થીઓ જૈન ધર્મના અભ્યાસાર્થે ભારતની મુલાકાતે

વિશ્વ, રાષ્ટ્ર કે સમાજના દરેક પ્રશ્નોનું જેમાં સમાધાન છે એવા જિન-દર્શનનો અભ્યાસ કરવા માટે વિશ્વભરમાં જીજ્ઞાસા વ્યાપી રહી છે.

યહુદી, ખ્રિસ્તી, મુસલમાન કે અન્ય ધર્મના લોકોને પ્રભુ મહાવીરના અહિંસા, અનેકાંત અને અપરિગ્રહના સિદ્ધાંતોને જાણવાની ઉત્સુકતા છે.

જૈન સમાજ માટે એ ગૌરવની વાત છે કે આ વર્ષે કેનેડાની ઓટાવા યુનિવર્સિટી તથા મુંબઈ યુનિવર્સિટીના સહયોગી પ્રયાસથી ૧૪ વિદ્યાર્થીઓ અને ઈન્ટરનેશનલ સમર સ્કૂલ તથા સોમૈયા ઈન્સ્ટિટ્યૂટના સહયોગી પ્રયાસથી ૬ વિદ્યાર્થી એમ કુલ ૨૦ વિદ્યાર્થીઓ મે-જૂન મહિનામાં ૩ અઠવાડિયાના જૈન ધર્મ અભ્યાસ માટે આવેલ છે.

આ વિદ્યાર્થીઓ ભારતના વિવિધ સ્થળે ફરીને જૈન તીર્થ, તત્ત્વજ્ઞાન, શિલ્પકલા, સાધુ વ્યવસ્થા, શ્રાવક વ્યવસ્થા, જૈન વ્યવસ્થા વગેરે અનેક વિષયો ઉપર અભ્યાસ કરે છે. આ ઉપરાંત અનેક જૈન સ્કોલર પાસેથી માર્ગદર્શન મેળવે છે. જૈન ધર્મના પદ્ધતિસર અભ્યાસમાં પાછળ એવા જૈન સમાજ માટે આ નોંધ પ્રેરણાદાયક છે.

આ કાર્યમાં મુંબઈ યુનિવર્સિટીના ડૉ. કામીની ગોગરી અને સોમૈયા ઈન્સ્ટિટ્યૂટના ડૉ. ગીતાબેન મહેતા ખૂબ જ અભિનંદનને પાત્ર છે.